# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 04-07-2026 EVENING: 7.50 TO 8.00

Day: SATURDAY NATIONAL NEWS

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદ ખાતે 'સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ' (OSAT) સુવિધાનું ઉદ્ઘાટન કર્યું
2) પ્રધાનમંત્રી મોદીએ રાજસ્થાનમાં એક લાખ પાંચ હજાર કરોડ રૂપિયાનાં વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા અને સુધારેલી 'ઉડાન' યોજનાની શરૂઆત કરી
3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે, દેશની સંરક્ષણ નિકાસ 38 હજાર કરોડ રૂપિયાથી વધુના વિક્રમ સ્તરે પહોંચી
4) સંસદનું ચોમાસુ સત્ર 20મી જુલાઈથી 13 ઓગસ્ટ સુધી ચાલશે
5) ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે માન્ચેસ્ટર ખાતે બીજી ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ભારતે ટોસ જીતીને બેટીંગ પસંદ કરી

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM SANAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદના સાણંદ ખાતે CG સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ-OSAT સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ છેલ્લા એક દાયકામાં આવેલી ઈલેક્ટ્રોનિક્સ ક્રાંતિનું આગળનું કદમ છે. તેમણે ઉમેર્યું, ચિપ ડિઝાઇનથી લઈને ફેબ્રિકેશન અને પેકેજિંગ સુધીનું માળખું ભારતમાં વિકસિત કરવાનું અમારું લક્ષ્ય છે.

## (બાઇટ : નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી(VALUE CHAIN)

શ્રી મોદીએ કહ્યું આ પ્લાન્ટમાંથી દર વર્ષે 20 કરોડ ચિપ્સનું ઉત્પાદન થશે.

## (બાઇટ : નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી (CHIPS))

આ પ્રસંગે, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે 2026 ના અંત સુધીમાં ભારતમાં પાંચ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત હશે. સાણંદમાં 7 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ વિકસાવવામાં આવેલી આ સુવિધા દેશની ટેક ઉત્પાદન યાત્રામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. આ સુવિધામાં વાર્ષિક 5 અબજ સેમિકન્ડક્ટર ચિપ્સ સુધીની ઉત્પાદન ક્ષમતા હશે. આગામી પાંચ વર્ષમાં આ પ્લાન્ટમાં 5 હજારથી વધુ લોકોને રોજગારી મળવાની આશા છે, જેનાથી આ સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસને નવી ગતિ મળશે.

# PM- RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉર્જા, પરિવહન અને રોજગાર સર્જનને મોટો વેગ આપતા એક લાખ પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા હતા. પ્રધાનમંત્રીએ જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ, તેમણે બાલોતરા જિલ્લાના પચપદ્રા ખાતે દેશનું સૌથી આધુનિક ગ્રીનફિલ્ડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સને રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. આ ઉપરાંત, શ્રી મોદીએ જોધપુરથી સુધારેલી ઉડાન યોજના પણ શરૂ કરી હતી.

આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે સુધારેલી 'ઉડાન' યોજનાની શરૂઆત થવાથી નાના શહેરો અને અંતરિયાળ વિસ્તારોમાં હવાઈ જોડાણ વધુ મજબૂત બનશે.

(BYTE: PM MODI JODHPUR AIRPORT)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, પશ્ચિમ એશિયાના સંઘર્ષે 21મી સદીની સૌથી મોટી ઉર્જા કટોકટી ઊભી કરી હતી, પરંતુ ભારતે સમયસરના નિર્ણયો, અસરકારક રાજદ્વારી સંબંધો અને રાષ્ટ્રીય સંસાધનોના કુશળ વ્યવસ્થાપન દ્વારા આ પડકાર પર સફળતાપૂર્વક વિજય મેળવ્યો છે. તેમણે કહ્યું કે, જ્યારે વિશ્વના ઘણા દેશો ઇંધણની અછત સામે ઝઝૂમી રહ્યા હતા, ત્યારે ભારતે આ કટોકટીનું સચોટ આકલન કર્યું, એક અસરકારક વ્યૂહરચના તૈયાર કરી અને દેશની ઉર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે પોતાની રાજદ્વારી શક્તિનો ઉપયોગ કર્યો.

# PM INDONESIA VISIT

ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોના આમંત્રણ પર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૬ થી ૮ જુલાઇ તારીખ દરમિયાન ઇન્ડોનેશિયાની સત્તાવાર મુલાકાતે જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ ચોથી ઇન્ડોનેશિયા મુલાકાત હશે, અને મે ૨૦૧૮માં ભારત-ઇન્ડોનેશિયા સંબંધો 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી' માં રૂપાંતરિત થયા બાદ તેમની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે, જેમાં વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ સહયોગના મુખ્ય ક્ષેત્રોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે. જાકાર્તા ખાતે, પ્રધાનમંત્રી ભારતીય સમુદાયના એક વિશાળ મેળાવડાને પણ સંબોધિત કરશે.. આ કાર્યક્રમમાં ભારતીય સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# NAIDU - UDAN SCHEME

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ ભારપૂર્વક જણાવ્યું કે, સુધારેલી 'ઉડાન' યોજનાની શરૂઆત ભારતની પ્રાદેશિક કનેક્ટિવિટીના પ્રવાસમાં એક નવો અધ્યાય અંકિત કરશે. સોશિયલ મીડિયા પોસ્ટ પર શ્રી નાયડુએ જણાવ્યું હતું કે, આ યોજના બીજી અને ત્રીજી શ્રેણીનાં શહેરોમાં જોડાણને વધુ મજબૂત બનાવશે. તેમણે ઉમેર્યું કે, આ યોજના હેઠળ ૧૦૦થી વધુ નવા વિમાનમથકો અને ૨૦૦ હેલિપેડનો વિકાસ કરવામાં આવશે, જે લાખો લોકોના સસ્તા હવાઈ મુસાફરીના સ્વપ્નને સાકાર કરશે અને ઉભરતા ભારતની આકાંક્ષાઓને જોડશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAJNATH - DEFENCE EXPORT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ઉત્પાદન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતની નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, દેશની સંરક્ષણ નિકાસ 38 હજાર કરોડ રૂપિયાથી વધુના વિક્રમ સ્તરે પહોંચી ગઈ છે. નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું કે, નાણાકીય વર્ષ 2013-14માં 686 કરોડ રૂપિયાની સરખામણીએ આ લગભગ 57 ગણો વધારો દર્શાવે છે અને 'મેક ઇન ઇન્ડિયા' સંરક્ષણ પ્લેટફોર્મ્સમાં વૈશ્વિક સ્તરે વધી રહેલા વિશ્વાસને રેખાંકિત કરે છે.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, નાણાકીય વર્ષ 2025-26માં વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન પણ એક લાખ 78 હજાર કરોડ રૂપિયાથી વધુની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચી ગયું છે, જે વર્ષ 2014-15ના સ્તર કરતાં લગભગ ત્રણ ગણું છે. ભારતીય ઉત્પાદન ક્ષેત્રની વ્યાપક સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા શ્રી સિંહે 'મેક ઇન ઇન્ડિયા' પહેલ હેઠળ મોબાઇલ ફોન ઉત્પાદનનો વિસ્તાર, ઓટોમોબાઇલ નિકાસમાં વૃદ્ધિ, સ્વદેશી રેલ્વે એન્જિનનું ઉત્પાદન અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂતીકરણનો ઉલ્લેખ કર્યો હતો.

# GOVT- ONION PRICE

સરકારે ભાવ સ્થિરતા ભંડોળ માટે ડુંગળીના સરકારી ખરીદ ભાવમાં 13 ટકાનો વધારો કર્યો છે. આ વધારા સાથે ડુંગળીનો ભાવ પ્રતિ ક્વિન્ટલ એક હજાર 875 રૂપિયાથી વધારીને બે હજાર 125 રૂપિયા કરવામાં આવ્યો છે. ગ્રાહક બાબતો અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું છે કે, ડુંગળીના આ સુધારેલા ખરીદ ભાવ આજથી જ અમલી બનશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ નિર્ણયથી ડુંગળી પકવતા ખેડૂતોને તેમના પાકના વધુ સારા વળતર મળશે અને સાથે જ બફર સ્ટોક ઊભો કરવાના સરકારી પ્રયાસોને વેગ મળશે. હાલમાં, સરકારના ભાવ સ્થિરતા ભંડોળ માટે 'નાફેડ' અને 'એનસીસીએફ' દ્વારા ડુંગળીની ખરીદી પ્રક્રિયા ચાલી રહી છે.

# REV RIJIJU- MONSOON SESSION

સંસદનું ચોમાસુ સત્ર આગામી ૨૦મી જુલાઈથી ૧૩મી ઓગસ્ટ દરમિયાન ચાલશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજીજુએ આજે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૨૦મી જુલાઈથી સંસદનું સત્ર બોલાવવાનાં સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સોશિયલ મિડીયા પોસ્ટમાં શ્રી રિજિજુએ જણાવ્યું કે, આ સત્ર રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચા, વિચારવિમર્શ અને નિર્ણયો લેવા પર કેન્દ્રિત રહેશે.

# RAJASTHAN E-GOV CONFERENCE

જયપુરના રાજસ્થાન ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે આજથી 29મી રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે. આ બે દિવસીય પરિષદનું આયોજન વહીવટી સુધારા અને જાહેર લોક-ફરિયાદ વિભાગ, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય  તેમજ રાજસ્થાન સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ આ પરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શર્માએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે છેલ્લા એક દાયકામાં ટેકનોલોજી આધારિત અનેક નવીનતાઓ રજૂ કરી છે.

ચાલુ વર્ષની પરિષદની મુખ્ય થીમ "વિકસિત ભારત 2047: એઆઈ-સક્ષમ, ડેટા-આધારિત અને સુરક્ષિત ડિજિટલ ગવર્નન્સ" છે. આ પરિષદમાં 1,000થી વધુ સ્ટાર્ટઅપ્સ અને શૈક્ષણિક સંસ્થાઓના 400થી વધુ પ્રતિનિધિઓ સહિત 2,700થી વધુ સહભાગીઓ ભાગ લઈ રહ્યા છે.

# MEN'S CRICKET-T20

પુરુષોની ક્રિકેટ શ્રેણીમાં, ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે માન્ચેસ્ટર ખાતે બીજી ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ભારતે ટોસ જીતીને બેટીંગ પસંદ કરી છે. છેલ્લાં અહેવાલો પ્રમાણે ભારતે 11.4 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 116 રન કર્યા છે. વૈભવ સૂર્યવંશીએ 10 બોલમાં 14 રને અને અભિષેક શર્મા 24 બોલમાં 43 રન બનાવી આઉટ થયા હતા.

આ સાથે વૈભવ સૂર્યવંશીએ ઇતિહાસ રચ્યો છે. માત્ર 15 વર્ષ 99 દિવસની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શરૂઆત કરનાર તેઓ સૌથી યુવા ક્રિકેટર બન્યા છે. ઓલ્ડ ટ્રેફોર્ડ મેદાન પર ટોસ પહેલાં તિલક વર્માએ વૈભવને કેપ સોંપી હતી. વૈભવને સંજુ સેમસનનાં સ્થાને અંતિમ 11 ખેલાડીઓમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પાંચ મેચોની આ શ્રેણીની પ્રથમ મેચ ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે વરસાદના કારણે રદ કરવામાં આવી હતી. શ્રેણીની ત્રીજી મેચ ૭મી જુલાઈએ નોટિંગહામમાં રમાશે. જ્યારે બાકીની અંતિમ બે ટી-૨૦ મેચો બ્રિસ્ટલ અને સાઉધમ્પ્ટન ખાતે રમાશે. ટી-૨૦ શ્રેણી ૧૧મી જુલાઈએ સમાપ્ત થશે. ત્યારબાદ, ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચોની વન-ડે શ્રેણી રમાશે.